# રાજ્યમાં કોરોના બેકાબુ, નવા ૯૫૪૧ કેસ

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૯૭ વ્યક્તિના મોત : રાજ્યમાં અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૩,૩૩, ૫૬૪ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી : રિકવરી રેટ ગગડ્યો

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતમાં કોરોના હવે દિવસેને દિવસે વધારે બેકાબુ બનતો જઈ રહ્યો હોય તેમ લાગી રહ્યુ છે. રોજેરોજ આંકડા જે પ્રકારની છલાંગો લગાવી રહ્યા છે તે જોતા ગુજરાત પણ મહારાષ્ટ્રનાં રસ્તે જઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. રાજ્યમાં આજે ૯૫૪૧ નવા કોરોનાના કેસ નોંધાયા. જ્યારે ૩૭૮૩ લોકો સાજા થયા છે.

અત્યાર સુધીમાં કુલ ૮૮,૦૮,૯૯૪ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૧૩,૬૧,૫૫૦ નાગરિકોનું બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થઈ ચુક્યું છે. આ પ્રકારે કુલ ૧,૦૧,૭૦,૫૪૪ રસીકરણનાં ડોઝ આપવામાં આવ્યા. આજે ૬૦ વર્ષથી વધારે ઉંમરનાં અને ૪૫થી ૬૦ વર્ષનાં કુલ ૮૭,૯૩૨ લોકોને પ્રથમ ડોઝ અને ૫૬,૦૪૭ લોકોને બીજા ડોઝનું રસીકરણ કરવામાં આવ્યું. જો કે રાજ્યમાં હજી સુધી કોઈને રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળી નથી.

રાજ્યમાં આજે કોરોનાના નવા ૯૫૪૧ દર્દીઓ નોંધાયા છે. રાજ્યમાંથી ૩૭૮૩ દર્દીઓ સાજા થયા છે. આ સાથે રાજ્યનો રિકવરી રેટ પણ ગગડીને ૮૪.૬૧ ટકા પર પહોંચી ગયો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૩,૩૩, ૫૬૪ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે.

રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો ૫૫૩૯૮ કુલ બેડ છે. જ્યારે ૩૦૪ લોકો વેન્ટિલેટર પર છે. ૫૫૦૯૪ લોકો સ્ટેબલ છે. ૩૩૩૫૬૪ દર્દીઓને ડિસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે. ૫૨૬૭ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે કોરોનાને કારણે કુલ ૯૭ લોકોનાં મોત નિપજ્યાં છે. જેમાં સુરત કોર્પોરેશન ૨૬, અમદાવાદ કોર્પોરેશન ૨૫, રાજકોટ કોર્પોરેશન ૮, વડોદરા કોર્પોરેશન ૭, સુરેન્દ્રનગર ૬, મોરબી ૩, બનાસકાંઠા ૨, ભાવનગર ૨, ભાવનગર કોર્પોરેશ ૨, જામનગર ૨, જામનગર કોર્પોરેશન ૨, મહેસાણા ૨, રાજકોટ ૨, ભરૂચ, બોટાદ, ડાંગ, ગાંધીનગર કોર્પોરેશન, મહીસાગર, પંચમહાલ, સાબરકાંઠા, વડોદરામાં કુલ ૧-૧ લોકોનાં મોત નિપજ્યાં છે.

## સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના પ્રાથમિક શિક્ષકોને કોવિડ કામગીરીમાં જોડવાનો પરીપત્ર

### ૬ શિક્ષકોના મોત અને ૮૦ થી વધુ શિક્ષકો સંક્રમિત છતાં તંત્ર સંવેદના દાખવતું નથી

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૭

કોરોના વકરતાં સરકારે ધો.૧ થી ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશનનો નિર્ણય કર્યો છે. ધો.૧૦-૧૨ ની પરીક્ષા હાલ પૂરતી મોકૂફ કરી દેવામાં આવી છે. શાળાઓમાં રોટેશન પ્રમાણે ૫૦ ટકા સ્ટાફના પરીપત્ર સાથે શિક્ષકોને પોતાની શાળાઓમાં કોરોના દર્દીઓ માટે કોવિડ કેર સેન્ટર ઉભા કર્યા હોય તે શાળાઓમાં દર્દીઓને દાખલ કરવામાં આવે ત્યારથી શિક્ષકોના કોવિડ કેર સેન્ટર પર કામગીરીના આદેશ કર્યા હોય તેમને જવાનું રહેશે તેવો પરીપત્ર કરાતાં પ્રા.શિક્ષકોમાં છૂપો રોષ જોવા મળ્યો છે. અત્યાર સુધીમાં કોરોના જિલ્લાના ૬ શિક્ષકોને ભરખી ગયો છે. ૮૦ થી વધુ શિક્ષકો સંક્રમિત થયા છે છતાં તંત્ર શિક્ષકો પ્રત્યે સંવેદના દાખવવાનું ભૂલ્યા છે જાણે કે શિક્ષકોને પરિવાર જેવું કંઈ હોય જ નહીં તે રીતે એક પછી એક જોખમી કામગીરી માટે ફરજ પાડવામાં આવી છે.

તાજેતરમાં જ કોરોનાના કારણે માલપુરની પી.જી.મહેતા હાઈસ્કુલની શિક્ષિકાનું મોત નિપજ્યું. તંત્રએ પરિવારને સાંત્વના આપવાની પણ તસ્દી લીધી નથી. કોરોના બેલગામ હતો ત્યારે શિક્ષકો માટે રસીકરણમાં ઈરાદાપૂર્વક વિલંબ થયો અને રસીકરણ શરૂ થયું ત્યાં સુધીમાં ઘણું બધું મોડું થઈ ગયું હતું. આ માટે શિક્ષણ વિભાગના જવાબદાર અધિકારી સામે કાર્યવાહી પણ થવી જોઈએ. પરંતુ શિક્ષક આગેવાનો આ મુદ્દે યોગ્ય કાર્યવાહી કરી શક્યા નથી. સતત કોરોનાનું સંક્રમણ વધ્યું છે.

પરીક્ષાઓ મોકૂફ રાખવાની ફરજ પડી છે. દરરોજ સંક્રમિતોની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. શાળાઓમાં ૫૦ ટકા રોટેશન સ્ટાફના આદેશ વછૂટ્યા છે તે તમામ બાબત સરકારના ધ્યાનમાં છે અને એટલે જ નિર્ણય લેવાયા છે. ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૧ હજાર પ્રા.શિક્ષકો ઉપર વહીવટી તંત્ર ઉપકાર કરતું હોય તેમ કોવિડની કામગીરીમાં ઓર્ડર ન હોય તે પ્રા. શિક્ષકોએ રોટેશન પ્રમાણે શાળામાં હાજરી આપવી તેમજ ઘેર બેઠાં ઓનલાઈન શિક્ષણની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાનો પણ આદેશ થયો છે.



### ધનસુરામાં વિવિધ વિસ્તારોમાં રસીકરણ તેજ કરાયું છે

ધનસુરામાં રસીકરણ અભિયાન તેજ કરાયું છે ગામમાં લુહારવાળા, કાછલા વિસ્તાર તેમજ જુના પ્રજાપતિવાસ સહિત વિવિધ વિસ્તારમા ૪૫ વર્ષ થી ઉપરના તમામ લોકો નું રસીકરણ કરવામાં આવ્યું હતું ધનસુરા ગ્રામ પંચાયત ના સ્ટાફ ધ્વારા વિવિધ વિસ્તારો માં લોકો રસી લે તેવી સમજુતિ આપવામા આવી રહી છે. ડીડીઓ અનિલ ધામેલિયા, જિલ્લા આરોગ્ય અધિકારી આર.જી.શ્રીમાળી,નાયબ જિલ્લા વિકાસ અધિકારી(મહેસૂલ) બીપિનભાઈ ભીખાભાઈ સાધુ, તાલુકા આરોગ્ય અધિકારી યોગેશભાઈ ગોસ્વામી ના માર્ગદર્શન માં રસીકરણ યોજાય છે જેમા ધનસુરા ગ્રામ પંચાયતના ત.ક.મંત્રી મહેશભાઈ પ્રજાપતિ, સિનીયર ક્લાર્ક પ્રદીપભાઈ ભાવસાર, સભ્ય વિજયભાઈ પટેલ , પંચાયત સ્ટાફ રાજુભાઈ ખાંટ, અર્પણભાઈ પટેલ,આકાશ ખાંટ પ્રકાશભાઈ ખાંટ, ગોપાલભાઈ ખાંટ, પંકજભાઈ વાળંદ તેમજ મેડીકલ સ્ટાફ દ્વારા રસી આપવામા આવી હતી

## કોરોના કોર્નર

- બોલીવુડના લોકપ્રિય અભિનેતા સોનુસુદ કોરોનાથી સંક્રમિત.
- જીએમડીસી ગ્રાઉન્ડમાં આરટીપીસીઆર માટે ટુવ્હીલર અને ચાલતા જનાર દર્દીના પણ ટેસ્ટ કરાશે.
- સુરતમાં રેમડેસિવિરના કાળા બજારી કરતાં ૫ શખ્સોને પકડી લેવાયા.
- રાજકોટમાં રાત્રે વાહન ચેકીંગ કરતાં ૫ હોમગાર્ડ જવાન સંક્રમિત થયા.
- મોરબી સબજેલમાં ૩૬ કેદીઓ કોરોનાથી સંક્રમિત.
- તમીલી એક્ટર વિવેકનું નિધન.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહાકુંભ સમાપ્ત કરવા અપીલ કરી.
- ગુજરાત ભાજપના પૂર્વ પ્રદેશ પ્રમુખ અને પૂર્વ સાંસદ રાજેન્દ્રસિંહ રાણા કોરોના પોઝીટીવ થતાં બીમ્સ હોસ્પિટલમાં દાખલ કરાયા.
- કુંભમેળામાંથી ગુજરાતમાં પરત ફરનાર શ્રધ્ધાળુઓને ફરજિયાત ૧૪ દિવસ કોરોન્ટાઈન થવું પડશે.
- રાજકોટમાં કુંડલિયા કોલેજ ખાતે રેમડેસિવિર ઈન્જેક્શનના વિતરણ માટે મધ્યસ્થ કેન્દ્રનો પ્રારંભ.
- રાત્રી કરફયુ સમયે ગુજરાતમાં એમ્બ્યુલન્સને ગુજરાતમાં સાયરન વગાડવા પ્રતિબંધ મુકાયો.
- કોરોના વેક્સિન દેશમાં કુલ ૧૧ કરોડ ૯૯ લાખ નાગરીકોએ લીધી.
- ગુજરાત સરકારે ૫૦ નવી ૧૦૮ એમ્બ્યુલન્સ ખરીદવાનો ઓર્ડર આપ્યો.
- કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી કુમારસ્વામી કોરોનાથી સંક્રમિત.
- ગુજરાત સરકારની નવી ૯૦૦ બેડની હોસ્પિટલ માટે ૨૫ ડૉક્ટર અને ૭૫ પેરામેડીકલ સ્ટાફ કેન્દ્ર સરકાર મોકલશે.

## બાયડના મંદબુદ્ધિ મહિલા આશ્રમની ૧૬૧ મહિલાઓને ભોજન કરાવ્યું

### સ્વ.વિઠ્ઠલદાસ જોષીની વાર્ષિક પુણ્યતિથિની અનોખી ઉજવણી

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૭

બાયડ ખાતે જયઅંબે મંદબુદ્ધિ મહિલા આશ્રમમાં ૧૬૧ મહિલાઓને તા.૧૭ના રોજ ફુડ ફોર હંગર પ્રોગ્રામ હેઠળ ભોજનનો પ્રોગ્રામ લાયન્સ કલબ-બાયડના નેજા હેઠળ યોજાઈ ગયો. લાયન નેતા, જાણીતા બિલ્ડર અતુલભાઈ જોષીના પિતા સ્વ. વિઠ્ઠલદાસ જોષીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે અનોખી ઉજવણી કરવામાં આવી હતી.

જ્યારે પણ કુદરતી કે પછી માનવ સર્જીત આપત્તિ આવી પડે ત્યારે લાયન્સ સંસ્થા મદદ માટે દોડી આવતી હોય છે. બાયડમાં કોરોનાનું વિકરાળ સ્વરૂપ સામે આવતાં લાયન્સ કલબ-બાયડ દ્વારા માસ્કનું મફત વિતરણ થઈ રહ્યું છે. આગામી દિવસોમાં પણ અનેક સેવાકીય પ્રવૃત્તિઓ શરૂ થવાની છે. લાયન્સ ડીસ્ટ્રીક્ટ ૩૨૩૨-બી. ના રીજીયન ચેરમેન અતુલભાઈ જોષીના પિતાની તા.૧૭ એપ્રિલના રોજ પ્રથમ વાર્ષિક પુણ્ય તિથિ નિમિત્તે જોષી પરિવારે તેમના પિતાના વિચારોને મૂર્તિમંત કરવાના ઉદ્દેશ્ય સાથે હંમેશાં જરૂરીયાતમંદોને યથાશક્તિ મદદ કરવી તે ગુરૂમંત્રને આગળ ધપાવી બાયડના જયઅંબે મંદબુદ્ધિ



મહિલા આશ્રમમાં રહેતી બિનવારસી ૧૬૧ મહિલાઓને ભોજન આપવામાં આવ્યું ત્યારે સંસ્થાના પ્રમુખ અશોકભાઈ જૈન સહિત ટ્રસ્ટીઓ ભાવુક બન્યા હતા. કાર્યક્રમમાં લાયન્સ કલબ-બાયડના પ્રમુખ સમીરભાઈ મિરઝા, પૂર્વ પ્રમુખ કમલેશભાઈ પટેલ સહિત લાયન્સ સભ્યો હાજર રહ્યા હતા.

## રાત્રિ કર્ફ્યુમાં એમ્બ્યુલન્સની સાયરન વગાડવા પર પ્રતિબંધ

### રાત્રિ કર્ફ્યુમાં એમ્બ્યુલન્સના સાયરનથી લોકોમાં ડરનો માહોલ ઉભો થાય છે, ટ્રાફિકમાં સાયરન વગાડવા છૂટ

અમદાવાદ, તા.૧૭

રાજયમાં કોરોના વાયરસનું તાંડવ ચાલી રહ્યું છે. જેના કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. દરરોજ નવા કેસ અને મોતનો આંકડો વધી રહ્યો છે. ગઈકાલે કાળમુખો કોરોના રાજયમાં ૯૪ લોકોને ભરખી ગયો છે. કોરોનાએ લોકોનું શારીરિક સ્વાસ્થ્ય તો બગાડ્યું જ છે, પરંતુ સાથે સાથે માનસિક સ્વાસ્થ્ય પણ કથળી રહ્યું છે. ચારે તરફ બિહામણા અને લાચારીના દ્રશ્યો, તેમજ એમ્બ્યુલન્સના અવાજ સાંભળીને ડરનો માહોલ ઉભો થયો છે. જેના કારણે લોકોની રાતોની ઉંઘ પણ હરામ થઈ છે. આ બધા રાજ્યના મુખ્યમંત્રી વિજય રુપાણીએ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કોરોનાની આ પરિસ્થિતિ વચ્ચે લોકોનું માનસિક સ્વાસ્થ્ય ના કથળે તે માટે હવે રાત્રિ કર્ફ્યુ દરમિયાન ૧૦૮ એમ્બ્યુન્સની સાયરન વગાડવા પર પ્રતિબધ મુકવામાં આવ્યો છે. માત્ર ૧૦૮ જ નહીં પરંતુ રાજ્ય સરકારે ખાનગી હોસ્પિટલોની એમ્બ્યુલન્સ માટે સાયરન વગાડવા પર પ્રતિબંધ લગાવ્યો છે. એમ્બ્યુલન્સના સાયરનથી લોકોમાં ડરનો માહોલ ઉભો થાય છે અને આ ડરનો માહોલ ઉભો ન થાય માટે રાત્રિ દરમિયાન એમબ્યુલન્સની સાયરન લગાવવા પર પ્રતિબંધ મુકાયો છે.

ઉલ્લેખનીય છે કે દિવસ દરમિયાન તો ટ્રાફિક હોવાના કારણે ફરજિયાત એમ્બ્યુલન્સની સાયરન વગાડવી પડે છે. જ્યારે રાત્રિ કર્ફ્યુ દરમિયાન રસ્તા પર ટ્રાફિક હોતું નથી, જેથી આ નિર્ણય કરવામાં આવ્યો છે. જો કે રાત્રે જો ટ્રાફિક હોય તો એમ્બ્યુલન્સને સાયરન વગાડવા માટેની છુટ આપવામાં આવી છે.

## અરવલ્લી જિલ્લામાં વધુ એક પી.એસ.આઈ.ને સસ્પેન્ડ કરાયા

અરવલ્લી જિલ્લામાં વધુ એક પી.એસ.આઈ.ને સસ્પેન્ડ કરાયા છે મોડાસા રૂરલના પી.એસ.આઈ. પી ડી રાઠોડ સસ્પેન્ડ જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે પી.એસ.આઈ.ને સસ્પેન્ડ કર્યા ચોરીનો ગુનો દાખલ કરવામાં બેદરકારી દાખવવા બદલ જિલ્લા પોલીસ વડાએ પી.એસ.આઈ.ને સસ્પેન્ડ કર્યા છે જેનાથી પોલીસ બેડામાં ખળભળાટ થયો છે જિલ્લા પોલીસ વડા ફરજમાં બેદરકારી બદલ એક્શન મોડમાં આ અગાઉ ઈસરી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.ને દારૂ પીને ગાડી બેદરકારી ભરી ને ચલાવવાનો મામલો સામે આવતા જિલ્લા પોલીસ વડાએ ઈસરી પી.એસ.આઈ.ને સસ્પેન્ડ કર્યા હતા આ ઉપરાંત દારૂ પીને ગાડી બેદરકારી ભરીને ચલાવવા બદલ ગુનો પણ નોધાયો હતો અરવલ્લી જિલ્લા માં છેલ્લા ૭ મહિનામાં બે પી.એસ.આઈ. સહિત ૬ જેટલા પોલીસ કર્મીઓ સસ્પેન્ડ થયા છે જિલ્લા પોલીસ વડાની કડક કાર્યવાહી થી પોલીસ બેડામાં ખળભળાટ થયો છે



### શીકા પાસેથી પસાર થતી કેનાલમાં ઉનાળુ પાક માટે પાણી છોડાયું

ધનસુરા તાલુકાના શીકા પાસેથી પસાર થતી માઝુમ ડેમની કેનાલ માં ઉનાળુ પાક માટે પ્રથમ રાઉન્ડ નું પાણી છોડાયું છે વિવિધ રાઉન્ડ માં પાણી છોડવામાં આવશે પાણી છોડાતા ખેડૂતો ખૂશ પાણી છોડાતા ઉનાળુ પાકને ફાયદો થશે.આ પાણી છોડાતા ધનસુરા તાલુકા ના રહિયોલ, શીકા, ભેંસાવાડા, શીકા કંપા, અંતિસરા સહિત ૨૦ થી વધુ ગામોને ફાયદો થશે.આ વખતે ધનસુરા તાલુકા માં રવિ સિઝન માં પણ પાણી છોડવામાં આવ્યું હતું માઝુમ ડેમ ધનસુરા તાલુકાના ખેડૂતો માટે જીવાદોરી છે જેને લઈ પાણી છોડાતા ખેડૂતો ખુશ.

**● હોમ આઈસોલેશન** (છેલ્લા પાનાનું ચાલુ)

એકબાજુ હોસ્પિટલમાં જગ્યા નથી ત્યારે નગરના તબીબોની આ સેવાના લીધે કોવિડના દર્દીઓની ગભરામણ ઘટી છે. જયારે દર્દીઓમાં પણ આ તબીબી સેવાના લીધે આત્મવિશ્વાસ વધ્યો છે. પરંતુ કોરોનાના હોમઆઈસોલેશનમાં સારવાર આપતા દર્દીઓને રેમડિસિવર ઈન્જેકશન મળતા નથી હોમ આઈસોલેશન દર્દીઓને પણ જરૂરિયાત હોય તેવા કિસ્સામાં સરળતાથી ઈન્જેકશન મળી રહે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

## હોસ્પિ.માં ઓક્સિજન ખલાસ થતાં ડોક્ટરે સિલિન્ડર પહોંચાડ્યા

### ડોક્ટરે નવ કિમી દૂર આવેલી પોતાની હોસ્પિટલમાં સાડા પાંચ મિનિટમાં બે સિલિન્ડર પહોંચાડી લોકોના જીવ બચાવ્યા

અમદાવાદ , તા.૧૭

શહેરમાં સતત વધી રહેલા કોરોનાના કેસો ઓક્સિજનની જોરદાર તંગી માત્ર દર્દીઓ જ નહીં, પરંતુ ડૉક્ટરોના પણ શ્વાસ અદ્ધર કરી રહી છે. પાલડીમાં હોસ્પિટલ ધરાવતા ડૉ. રોહિત જોષીને ત્યાંથી ફોન આવ્યો કે હોસ્પિટલમાં પાંચ જ મિનિટ ચાલે તેટલો ઓક્સિજન બચ્યો છે. તે સમય એટલો કટોકટીનો હતો કે ડૉ. જોષી પાસે શું કરવું તે વિચારવાનો પણ સમય નહોતો.

ડૉ. જોષીએ તરત જ પોતાની કાર કાઢી, એક કર્મચારીને પોતાની સાથે લીધો અને ગાડીમાં જ ઓક્સિજનના બે સિલિન્ડર નાખીને તેઓ હોસ્પિટલ તરફ ભાગ્યા. જીવ જોખમમાં મૂકી તેમણે પૂરપાટ સ્પીડમાં કાર ચલાવી. ટ્રાફિકના તમામ નિયમો તોડીને તેઓ ગમે તેમ કરીને ઓક્સિજન સિલિન્ડર સાથે ૫ મિનિટ અને ૩૦ સેકન્ડમાં ૯ કિમી દૂર આવેલી પોતાની હોસ્પિટલ પહોંચવામાં સફળ રહ્યા.

આ ભાગદોડ બાદ તેમણે શાંતિથી વિચાર્યું ત્યારે તેમને ખ્યાલ આવ્યો હતો કે તેમણે કેટલું મોટું રિસ્ક લીધું હતું. આ અંગે ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથે વાત કરતાં ડૉ. જોષીએ કહ્યું હતું કે જો એક નાનકડો અકસ્માત પણ થયો હોત તો તે પણ જીવલેણ સાબિત થવાની પૂરી શક્યતા હતી, કારણકે ઓક્સિજન આગને ભડકાવે છે. પરંતુ જો ડૉક્ટર ઓક્સિજન લઈને હોસ્પિટલ ના પહોંચ્યા હોત તો ચાર દર્દીઓ જેમ પાણીમાંથી બહાર કાઢતા જ માછલી તરફડે છે તેમ શ્વાસ લેવા માટે તરફડિયા મારતા હોત. યુરોલોજિસ્ટ એવા ડૉ. જોષી જણાવે છે કે અમદાવાદની મોટાભાગની હોસ્પિટલોમાં હાલ ઓક્સિજનની તંગી પ્રવર્તી રહી છે. જેના કારણે જેમાં ઓક્સિજનની જરુર પડે છે તેવી અગાઉથી આયોજીત સર્જરીઓને કેન્સલ કરવાની નોબત આવી છે. તેમણે માત્ર ઓક્સિજન માટે બે ટ્રક અને ચાર માણસોને રોક્યા છે. જેમનું કામ જ ઓક્સિજન પ્રોડક્શન યુનિટમાંથી તેને લાવી હોસ્પિટલમાં પહોંચાડવાનું છે.

હોસ્પિટલમાં દાખલ દર્દીઓને પૂરતા પ્રમાણમાં ઓક્સિજન મળતો રહે તે માટે ડૉ. જોષી જેવા અમદાવાદના બીજા ડૉક્ટર્સ પણ આજકાલ ખાસ્સી દોડધામમાં લાગેલા છે. ઘણી હોસ્પિટલો પણ ઓક્સિજનની તંગીની ફરિયાદ કરી રહી છે. એક તરફ ઓક્સિજનનું પ્રોડકશન વધારવા તૈયાયારી થઈ રહી છે, તો બીજી તરફ હવે ઓક્સિજન સપ્લાયર્સ પણ હાંફી રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

સપ્લાયર્સ તરફથી ઓક્સિજન મળવામાં પણ કેટલીક સમસ્યાઓ હોવાનો એકરાર કરતાં કેટલાક ડૉક્ટર્સ જણાવે છે કે, ક્યારેક-ક્યારેક દસેક મિનિટનું મોડું થાય તો તે સમજવા જેવી બાબચ છે. પરંતુ હોસ્પિટલમાં ઓક્સિજન સાવ ખૂટી ગયો હોય, દર્દીઓ ગંભીર હોય ત્યારે ઓક્સિજન મેન્યુફક્ચરર્સ આવું મોડું કરે ત્યારે તેમને હોસ્પિટલ સાથે માથાકૂટ પણ થતી હોય છે. હાલમાં જ એક ટ્રક ચાર હોસ્પિટલ માટે ઓક્સિજન લઈને નીકળ્યો હતો.

**● કોરોના તારી કસોટી** (છેલ્લા પાનાનું ચાલુ)

નાની બાળકીના જન્મને ૨૪ કલાક થયા તેનો આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરાયો અને કોરોના રિપોર્ટ નેગેટીવ આવ્યો. હોસ્પિટલના તંત્રએ નાની દિકરીને ફોન કર્યો અને બાળકીને લઈ જવા જણાવ્યુ.

પરિવાર ચિંતામાં હતુ. નાની દિકરી અને તેના સાસુ હોસ્પિટલ પહોંચ્યા. હોસ્પિટલમાં તેમના ફોન અને આધારકાર્ડની ચકાસણી હાથ ધરાઈ. આ વિધી સંપન્ન થઈ જતાં બાળકીને નાની દિકરી સોંપવામાં આવી.

નાની દિકરી પહેલા તો ગભરાઈ ગઈ પણ સાસુમા બે ખભે હાથ મુકી કહ્યુ કંઈ ચિંતા ના કર બેટા આપણુ ઘર છે ત્યાં દિકરીને સાચવીશુ અને રાખીશુ. ચૈત્ર સુદ એકમને પહેલી નવરાત્રિએ નાની દિકરી મોટી દિકરીની દિકરી લઈને ગાંધીનગર ખાતેના તેના નિવાસસ્થાને લઈને આવી. ઘરમાં એક નવા જ આનંદની અનુભૂતિ સૌ પરિવારજનોને થઈ.

મુંબઈમાં ધંધો કરતા તે બાળકીના પિતા હાલ બહાર છે. માતા કોવિડની સારવાર હેઠળ છે તો નાના-નાની પણ કોવિડની સારવાર હેઠળ છે.

આજે હિન્દુઓની માન્યતા પ્રમાણે ૬ દિવસની આ બાળકીની છઠ્ઠી લખવાનો દિવસ કહેવાય છે. સંઘર્ષમાં ગુજરાતણની આ વાત ઈતિહાસમાં આલેખાશે એમાં કોઈ શંકા નથી...

એસ.વી.પી.ના સ્પેશ્યલ ગાયનેક વોર્ડમાં પ્રસુતિની સારવારનો અનુભવ કે પિડિયાટ્રીક વિભાગમાં આ નાના ફૂલને સાચવનાર નર્સીંગ સ્ટાફની લાગણીનો અનુભવ... ત્યાંની સ્વચ્છતા અને સંભાળના સંભારણા વચ્ચે બાળકીને ગાંધીનગર લઈ આવેલી માસી ને સાસુ અને વડસાસુ તેમજ સસરાનો સાથ જે મળ્યો તે... સે. ૪-સીમાં હાલ દિકરીનું રોજ મેડીકલ ચેક-અપ કરવામાં આવે છે. તે ખુશીમાં છે.

માસીના સસરા પંચાયત વિભાગમાં સંયુક્ત સચિવ તરીકે ફરજો બજાવતા જયદીપભાઈ દ્વિવેદી છે. તેઓ કહે છે કે અમારા ઘરે તો લક્ષ્મીજી પધાર્યા છે. ઘરમાં આનંદનો અસબ જાગ્યો છે. આ દિકરીની સાર-સંભાળ રાખનાર વી.એસ.ની એસ.વી.પી. હોસ્પિટલના ગાયનેક વોર્ડના તમામ તબીબ-નર્સીંગ પરિવાર ઉપરાંત ડૉ. હરસિદ્ધ ઠાકર, કમલેશ વ્યાસ, મનીષ જાની અને તેમની કચેરીમાં ફરજ બજાવતા વર્ગ-૧ ના અધિકારી મુકેશભાઈ પંડ્યાના ઋણનો સ્વીકાર કરી કહે છે કે કુદરત તારી લીલા અપાર છે... અપરંપાર છે... કોરોના તે કસોટી કોની લીધી માતૃત્વની કે અવતરણની... કુદરતની કૃપા આજે પણ માનવી પાસે છે... અને રહેશે.

**● જિલ્લા કોરોના વિકરાળ** (છેલ્લા પાનાનું ચાલુ)

જેમાં દહેગામ અર્બનમાં એક કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં લવાડ, સાંપા, વડવાસા ગામેથી એક-એક કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં આજે ૨૨ કેસ નોંધાયા છે. કલોલમાં અર્બન અને ગ્રામ્ય વિસ્તારમાંથી જે રીતે કેસો બહાર આવી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

કલોલ અર્બનમાં સઘન સર્વેલન્સ અને સોશ્યલ ડિસ્ટન્સીગંના પાલન માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કલોલ અર્બનમાં આજે ૭ કેસ નોંધાયા છે. જેમાં અર્બન-૧ વિસ્તારમાં ૬ અને અર્બન-૨ વિસ્તારમાં એક કેસ નોંધાયેલ છે.

આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં પલસાણામાં ૩ કેસ, મોટી ભોંયણ ગામે ૭ કેસ, ધણાસણામાં ૪ કેસ, ઓલા ગામે ૧ કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં ૮ કેસ આજે નોંધાયા છે. આ તમામ કેસ વરસોડા ગામે નોંધાયા છે.

જિલ્લાતંત્રએ રિકવરી રેટ સારો હોવાનો દાવો કરી જણાવ્યુ છે કે આજે વધુ ૮૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૫૦૧૩ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

અગાઉ એન્ટીજન ટેસ્ટમાં પોઝીટીવ જણાયેલા દર્દીઓ રિકવર થઈ રહ્યા હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. તંત્ર દ્વારા હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું અસરકારક મોનીટરીંગ કરવાની સૂચનાઓ પણ જારી કરી છે. તંત્રના જણાવ્યા પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૭૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે આજે ગ્રામ્ય વિસ્તારમાં ૮૧૬૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રખાયેલા લોકોની સંખ્યા સતત વધી રહી છે.

ગાંધીનગર શહેરમાં આજે નવા ૬૯ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. શહેરમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેણે તંત્રને હંફાવી દીધુ છે. શહેરમાં અગાઉ હોટ સ્પોટ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં સાબરમતી ગેસ કંપનીનો કર્મયોગી, ડીટીસી ગાંધીનગર સિવિલ, જીઈબીનો જુનિ. આસિટન્ટ, ઉદ્યોગભવનનો કર્મોયગી, ક્લાર્ક, ડે.એસ.ઓ., ટેકનીકલ એન્જીનીયર, બે સ્વીપર, શિક્ષક, વીમા કંપનીનો કર્મયોગી, ઓફિસ આસિટન્ટ, અધિકારી, બે અધિકારી, શિક્ષક, શિક્ષણ વિભાગના અધિકારી, ગુજરાત ગેસ કંપનીના કર્મયોગીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે ૩૧ મહિલા દર્દીઓ નોંધાઈ છે. બીજી લ્હેરમાં મહિલા દર્દીઓ વધુ સંક્રમિત થઈ રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. આજે સંક્રમિત થનારાઓમાં મોટીવયના લોકોની સંખ્યા પણ નોંધનીય રહી છે.

શહેરમાં હોમ આઈસોલેશનમાં રહેનાર દર્દીઓની સંખ્યા વધતાં તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી થાય છે કે નહિ તેનું કડક થઈ મોનીટરીંગ કરવાની સૂચનાઓ આપી છે. શહેરમાં આજે સે. ૩ માં ૧૦, ૩-એ-ન્યુ માં ૩, સે. ૭ માં ૬, સે. ૪ માં ૮, સે. ૧૩ માં ૫ તેમજ સે. ૨૪, ૬, ૨૭, ૧૨, ૩૦, ૨૨ અને ૨૦ માં બે-બે કેસ તેમજ સે. ૨૬ અને ૨૯ માં ૩-૩ કેસ તેમજ સે. ૧, ૫, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૨૧, ૨૫, ૨૮, ૯, બોરીજ અને ઈન્ફોસીટીમાંથી પણ કેસ મળી આવેલ છે.